### ગાંધીનગરમાં એસીબીના સર્ચ ઓપરેશનમાં

# સબ રજીસ્ટ્રાર કચેરીમાં બે સબ રજીસ્ટ્રાર પાસેથી રૂ. ૧.૦૭ લાખની બિન હિસાબી રોકડ મળી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે સબ રજીસ્ટ્રારની કચેરીમાંથી બે સબ રજીસ્ટ્રાર પાસેથી રૂ. એક લાખથી વધુ રોકડ રકમ બિન હિસાબી મળતાં ભારે ચકચાર મચી જવા પામી છે.

ગાંધીનગર જિલ્લામાં સબ રજીસ્ટ્રારની કચેરીની કામગીરી છેલ્લા થોડાક સમયથી સતત વિવાદોમાં રહેવા પામી છે. ગઈકાલે મોડી સાંજે એસીબીએ હાથ ધરેલા સર્ચ ઓપરેશન દરમ્યાન સબ રજીસ્ટ્રાર વિસ્મય ડી. પટેલ પાસેથી રૂ. ૭૩,૧૦૦ની રોકડ રકમ, ઘનશ્યામસિંહ બી. ચાવડા પાસેથી રોકડ રૂ. ૧૪,૫૦૦ તથા અન્ય એક સબ રજીસ્ટ્રારશ્રીની ચેમ્બરના ટેબલના ખાનામાંથી રોકડ રકમ ૨૦ હજાર બિન વારસી મળી આવેલ. આમ સર્ચ ઓપરેશન દરમ્યાન રૂ. ૧,૦૭,૬૦૦ રોકડ મળી આવેલ જે નાણાં બાબતે બે શકમંદ અધિકારીઓને પુછતા તેમના દ્વારા કોઈ સંતોષકારક ખુલાસો કરી શકેલ ન હોઈ એસીબી દ્વારા હાલ જાણવા જોગ દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

દસ્તાવેજોની નોંધણી મોટ અરજદારો પાસેથી નાણાં ખંખેરવામાં આવતા હોવાની વ્યાપક બુમરાણ ઉઠી હતી ત્યારે ગઈકાલે મોડી સાંજે ગાંધીનગર એસીબીના એચ.બી. ચાવડા સહિતની ટીમે સબ રજીસ્ટ્રાર કચેરીમાં સરપ્રાઈઝ સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ.

એસીબીને બાતમી મળી હતી કે સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે આવતા નાગરિકોને દસ્તાવેજોની નોંધણી કરવા સબ રજીસ્ટ્રાર તથા ફરજ પરના અધિકારીઓ કર્મચારીઓ પુરતા કાગળો હોવા છતાં દસ્તાવેજી કાગળો અધૂરા અથવા સહિ સિક્કા બરાબર નહિ હોવાના બહાના કાઢી સરકાર દ્વારા નોંધણી કરવા માટે નિયત કરેલ ફી સિવાય અવેજ પેટે ગેરકાયદેસર નાણાં માંગણી કરાઈ રહી છે. જો કોઈ લાંચ ના આપે તો યેનકેન પ્રકારે હેરાન કરી દસ્તાવેજો માટે ધક્કા ખવડાવવામાં આવી રહ્યાની ફરિયાદો મળી હતી.



હર ઘર તિરંગા અભિયાન હેઠળ ઠેર ઠેર જાગૃતિ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા જોરશોરથી આ અભિયાનનો પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે અને ઘરે ઘરે જઈને તિરંગાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. વોર્ડ નં. ૫ હેઠળના સેક્ટર-૨૨ ખાતે તિરંગા રેલી યોજવામાં આવી હતી.

# ગાંધીનગર જિલ્લામાં ખરીફ વાવણી ૭૦ ટકા થઈ

### તેલિબિયા પાકોના વાવેતર વિસ્તારમાં વધારો જોવા મળ્યો છે : સૌથી વધુ વાવેતર માણસામાં અને બીજા ક્રમે દહેગામમાં નોંધાયુ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ખરીફ વાવણીની કામગીરી ૭૦ ટકા વિસ્તારમાં સંપન્ન થઈ ગઈ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં નોંધાયેલા ૫૬ ટકા વરસાદ પછી વાવણીની કામગીરી ધીમી જરૂર છે.



જિલ્લામાં આ વખતે ખંડીય વૃષ્ટિને પગલે ખેડૂતોએ પરંપરાગત ખેતી પર વધુ ભાર મુક્યો છે. જો કે મગફળી, તલ ઉપરાંત શાકભાજીના રોકડિયા પાકોનું વાવેતર પણ કર્યુ છે.

જિલ્લામાં ખરીફ વાવેતર માણસામાં ૮૪ ટકા, કલોલમાં ૫૨ ટકા, ગાંધીનગરમં ૬૫ ટકા અને દહેગામમાં ૭૪ ટકા જેટલુ નોંધાયુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૮૯૦૩૦ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયુ છે. જેમાં દહેગામમાં ૩૦,૧૬૧ હેક્ટર, ગાંધીનગરમાં ૨૧,૨૪૯, કલોલમાં ૧૪,૭૩૧ હેક્ટર અને માણસામાં ૨૨,૮૮૯ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં ડાંગરનું વાવેતર ૧૦,૨૬૧ હેક્ટરમાં, બાજરીનું વાવેતર ૯૫૫ હેક્ટરમાં, તુવેરનું ૭ હેક્ટરમાં, મગનું ૧૨૨૦ હેક્ટરમાં, મઠનું ૫૭ હેક્ટરમાં, અડદનું ૪૯૩ હેક્ટરમાં, મગફળીનું ૧૧,૧૯૬ હેક્ટરમાં, તલનું ૨૨૧ હેક્ટરમાં, દિવેલાનું ૬૨૫૦ હેક્ટરમાં, સોયાબીનનું ૧૨૧ હેક્ટરમાં, કપાસનું ૨૦,૨૫૨ હેક્ટરમાં, ગુવારનું ૧૩૧૫ હેક્ટરમાં, શાકભાજીનું ૧૦,૫૪૯ હેક્ટરમાં અને ઘાસચારાનું વાવેતર ૨૪,૯૫૫ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે.

દિવેલા, ગુવારનું અને શાકભાજીના પાકોનું વાવેતર હજુ વધશે. આ વખતે તેલિબિયાના પાકોનું વાવેતર થોડુક વધ્યુ છે. જો કે થોડુક વાવેતર મકાઈનું પણ થયુ છે.

જિલ્લામાં ચોમાસુ જામ્યા પછી નીકળેલા વરાપને લઈ એકાદ સપ્તાહમાં ૧૦૦ ટકા વિસ્તારમાં વાવેતર થઈ જશે તેમ મનાઈ રહ્યુ છે. જો કે આ વખતે શ્રમિકોની અછત અને ખંડીય વૃષ્ટિને પગલે વાવેતરની કામગીરી ધીમી રહેવા પામી હોવાનું ખેડૂતો કહી રહ્યા છે.

# આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી

### ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ વરસશે

ગાંધીનગર, તા. ૭

વરસાદે હાલમાં વિરામ લીધો છે. છેલ્લા બે દિવસથી શહેરમાં વરસાદ નોંધાયો નથી. પરંતુ આગામી બે દિવસમાં શહેરમાં ભારેથી અતિભારે વરસાદ વરસશે એવી આગાહી હવામાન વિભાગે કરી છે.

બે દિવસ અગાઉ શહેરમાં જોરદાર વરસાદ વરસ્યો હતો. જોરદાર ઝાપટું પડતા ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. જોકે છેલ્લા બે દિવસથી વરસાદ સાવ બંધ થઈ ગયો છે. વાદળોની અવરજવર ચોક્કસ છે પરંતુ વરસાદી ઝાપટુ પડતુ નથી. ઉઘાડ નીકળતા બફારો ખુબ થાય છે. જો કે હજુ આગામી બે-ત્રણ દિવસ જોરદાર વરસાદ પડશે તેવી આગાહી કરવામાં આવી છે.

આગામી બે-ત્રણ દિવસમાં દક્ષિણ, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ પડશે. ઉત્તર ગુજરાતના અરવલ્લી, સાબરકાંઠા સહિતના વિસ્તારોમાં પણ વરસાદ પડશે. ગાંધીનગર સહિતના વિસ્તારો, પાટણ, મહેસાણા અને બનાસકાંઠામાં પણ અતિભારે વરસાદ વરસી શકે છે. હાલમાં ફરી વરસાદી સિસ્ટમ સક્રિય થઈ હોવાથી સારા વરસાદની આશા છે.

આગામી ૯મી ઓગષ્ટના રોજ ગાંધીનગર જિલ્લામાં ભારે વરસાદ તથા ૧૦મી ઓગષ્ટના રોજ મધ્યમ વરસાદનું હવામાન પૂર્વાનુમાન છે. દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૩૭માં ૬ ઓગષ્ટથી ૧૦ ઓગષ્ટનું પૂર્વાનુમાન કરતાં આ પાંચેય દિવસ દરમ્યાન મધ્યમથી ભારે વરસાદની શક્યતા હોવાનું જણાવ્યુ છે. મહત્તમ તાપમાન ૩૦-૩૨ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫-૨૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. હવામાં ભેજનું પ્રમાણ ૮૦ થી ૯૫ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૯ થી ૧૬ કિ.મી. પ્રતિ કલાક રહેવા શક્યતા છે.

# ગ્રામ વિકાસ સદ્ભાવના યોજના હેઠળ રૂ.૧૧ કરોડ ખર્ચાશે

### ગુડા દ્વારા ૨૬ ગામની પ્રાથમિક શાળા, આંગણવાડી અને પંચાયત ઘરની સુવિધા પાછળ રૂ.૧૧ કરોડ ખર્ચાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ વિસ્તારમાં ૨૬ ગામની પ્રાથમિક શાળા, આંગણવાડી અને પંચાયત ઘરની સુવિધા ન હોય તે ગામમાં નવિન બાંધવા અને હોય તે ગામમાં નવીનીકરણ માટે ગ્રામ વિકાસ સદ્ભાવના યોજના હેઠળ રૂ.૧૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ત્યારે ગામમાં શાળા,આંગણવાડી અને પંચાયતને યોગ્ય સુવિધા આપવાની યોજનાને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ ગ્રામ વિકાસ સદ્ભાવના યોજનાને અનુલક્ષી ચાર પેકેજ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં પ્રથમ શાહપુર, રતનપુર, લવારપુર,પિરોજપુર વદાલ, વજાપુરા, અને ડભોડામાં આ કામગીરી માટે રૂ.૨.૩૧ કરોડના ખર્ચનો અંદાજ લગાવાયો છે. જયારે બીજા પેકેજમાં ઉવારસદ, અડાલજ, લેકાવાડા, આલમપુર પાજલ અને પ્રાંતિયા ગામમાં અંદાજીત રૂ.૨.૯૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ત્રીજા પેકેજમાં સોનીપુર, રૂપાલ, સરઢવ, પુન્દ્રાસણ, તારાપુર, આદરજમોટી, અને શેરથા ગામમાં સુવિધા આપવા માટે રૂ.૩૫૦ કરોડ ખર્ચ અંદાજીત કરવામાં આવશે. જયારે ચોથા પેકેજમાં પીંપળજ, નવા ધરમપુર, દોલારાણા વાસણા, ચિલોડા, શિહોલી મોટી, અને દશેલા ગામમાં રૂ.૨.૨૬ કરોડના ખર્ચનો અંદાજ સાથે કામ શરુ કરવામાં આવનાર છે.

ઉલ્લેખનીય છે કે ત્રીજા પેકેજમાં રૂપાલ ગામે વરદાયીની માતાજીનું સુપ્રસિદ્ધ યાત્રાધામ આવેલુ છે. ત્યાં જાહેર શૌચાલયની પણ સુવિધા પણ ઉભી કરવામાં આવનાર છે. ગુડાના સુત્રોમાંથી જણાવ્યા મુજબ એક માસમાં ગ્રામ વિકાસ સદ્ભાવના યોજના અન્વયે ઓનલાઈન ટેન્ડર સહિતની કામગીરી પુરી કરી દેવામાં આવનાર છે. જયારે સપ્ટેમ્બર માસના અંતે કે તે પહેલા નવીન બાંધકામ અને સમારકામની કામગીરી શરુ કરવામાં આવશે. જયારે આગામી એક વર્ષમાં તમામ ગામમાં સુવિધાની કામગીરી પુરી કરી દેવામાં આવશે તે પ્રકારે આયોજન બધ્ધ કામ હાથ ધરાશે

# બેવડી ઋતુના અનુભવ વચ્ચે રોગચાળાનો ભય સતાવે છે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં હાલ બેવડી ઋતુ પ્રવર્તી રહી હોવાથી રોગચાળાની પરિસ્થિતિ ઉભી થવાનો ભય લોકોને સતાવી રહ્યો છે.

૫૬ ટકા વરસાદ થયા પછી પણ વાતાવરણમાં જે ઠંડક પ્રવર્તતી જોવા મળવી જોઈએ તે મળતી નથી. સતત ભેજવાળુ વાતાવરણ તેમજ વાદળછાયુ વાતાવરણ રહેવાને કારણે મચ્છરોની ઉત્પત્તિ માટે સાનુકૂળ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં આ વખતે વાહકજન્ય રોગચાળામાં મેલેરિયાના કેસોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત સિઝનલ ફ્લુનો એક કેસ નોંધાયો છે. વાઈરલ બિમારીના કેસો પણ વધ્યા છે. કલોલમાં ઝેરી મેલેરિયાના નોંધાયેલા બે કેસને લઈ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં સિવિલ હોસ્પિટલમાં પણ ઓ.પી.ડી.ના દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે. કોરોનાના કહેર વચ્ચે અન્ય બિમારીઓ હાલ ઢંકાઈ જરૂર ગઈ છે પણ લોકો સતત બિમારીનો સામનો કરી રહ્યા છે તે પણ હકીકત છે.

જિલ્લામાં ૫૬ ટકા સિઝનનો વરસાદ નોંધાયા પછી ઉકળાટ હજુ શમ્યો નથી. જિલ્લામાં નદીઓ પણ રિચાર્જ થઈ નથી એટલુ જ નહિ તળાવોમાં પાણીની જેટલી આવક થવી જોઈએ તેટલી થઈ નથી.

ગરમી પણ સતત અનુભવાઈ રહી છે તો રાત્રિના સમયે થોડુક ઠંડુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે. આ વખતે ખંડીય વૃષ્ટિ વધારે થઈ છે.

વાતાવરણ સતત બદલાતુ રહેતુ હોઈ લોકોમાં રોગચાળાના ભયની લાગણી વધુ જોવા મળી રહી છે. જિલ્લામાં વાહકજન્ય રોગચાળાનો ઉછાળો એ તંત્રની ચિંતાનો વિષય છે.

# કોરોના વકર્યો : શહેર-જિલ્લામાં ૮૩ કેસ

### ગ્રામ્યમાં નવા ૫૮, શહેરમાં નવા ૨૫ કેસ : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૧૯, ગાંધીનગર-કલોલમાં ૧૮-૧૮ અને માણસામાં ૩ કેસ નોંધાયા : શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં વાવોલમાં ૪, સે. ૨૯ અને સરગાસણમાં ૩-૩, આઈઆઈટી અને કોબામાં ૨-૨ કેસ ઉપરાંત સે. ૧, ૪, ૫, ૭, ૮, ૨૬, ૩૦, ખોરજ, કુડાસણ, રાંધેજા અને ઝુંડાલમાંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડા પછી આજે કેસોની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. શહેર જિલ્લામાં લોકલ ટ્રાન્સમિશન વધી રહ્યુ છે અને તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા ૨૫ કેસ તથા ગ્રામ્ય વિસ્તારમાં નવા ૫૮ કેસ નોંધાયા છે. કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર થઈ રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે. કોરોના ગાઈડલાઈનના પાલનમાં લોકોની બેદરકારી અને લોકલ ટ્રાન્સમિશન જે રીતે વિસ્તરી રહ્યુ છે તેને લઈ તંત્રની ચિંતામાં ભારે વધારો થયો છે.

શહેર-જિલ્લામાં આજે ૫૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૨૩ દર્દી અને ગ્રામ્યમાં ૩૨ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. અંતરિયાળ વિસ્તારમાં જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની દોડધામ વધી જવા પામી છે. કોરોનાનો પોઝીટીવીટી રેટ પણ ૪.૫ ટકાને આંબી ગયો છે.

મહિલા, વયસ્ક લોકો તેમજ ટીનેજર્સ સતત સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્ર દ્વારા પરિસ્થિતિને નિયંત્રિત કરવા કેટલાક કડક પગલાં લેવાની પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

હવામાનમાં સતત થઈ રહેલા બદલાવને કારણે પણ કેસોની સંખ્યામાં સતત વધઘટ થઈ રહી હોવાની ચર્ચાઓ જાગી છે. લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમણ વધ્યુ છે પણ કોરોનાના લક્ષણો હળવા જણાયા હોવાથી હોસ્પિટલાઈઝેશન રેટ પણ ઘટ્યો છે. રિકવરી રેટ ૯૦ ટકાની આસપાસ હોવાથી તંત્રને થોડીક રાહત પણ છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા ૨૫ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૬ મહિલા અને ૮ દર્દી ૬૦થી વધુ વયના છે. આજે નોંધાયેલા કેસોમાં એક દર્દી ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતુ હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં વાવોલમાં ૪, સે. ૨૯ અને સરગાસણમાં ૩-૩, આઈઆઈટી અને કોબામાં ૨-૨ કેસ ઉપરાંત સે. ૧, ૪, ૫, ૭, ૮, ૨૬, ૩૦, ખોરજ, કુડાસણ, રાંધેજા અને ઝુંડાલમાંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં અગાઉની ત્રણ લ્હેરમાં સંવેદનશીલ બનેલ વિસ્તારોમાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની દોડધામ વધી છે. ગાંધીનગર શહેરમાં નવા સેક્ટરોમાંથી કેસો વધુ મળી રહ્યા છે. શહેર અમદાવાદ સાથેના રોજીંદા વ્યવહારોથી સંકળાયેલુ હોવાથી પણ શહેરમાં સતત કેસો મળી રહ્યાની વાતો તબીબી જગતમાં ચર્ચાનો મુદ્દો છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા દર્દીઓ સાથે શહેરમાં ૧૮૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અસરકારક અમલીકરણ માટે તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે માટે તાકીદ કરી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં આજે નવા ૫૮ કેસ નોંધાતા તંત્રમાં હડકંપ મચી જવા પામેલ છે.

જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૧૯, ગાંધીનગર-કલોલમાં ૧૮-૧૮ અને માણસામાં ૩ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૩ મહિલા, ૫ કર્મયોગી, ૭ વિદ્યાર્થી, ૫ ખેડૂત, એક શ્રમિકનો સમાવેશ થાય છે.

જિલ્લાના દહેગામ તાલુકામાં આજે કેસોમાં આવેલા ઉછાળાને લઈ તંત્રમાં દોડધામ જોવા મળી હતી. માણસામાં પણ સતત કેસો વધી રહ્યા છે જેને લઈ તંત્ર ચિંતાતુર બન્યુ છે.

ગાંધીનગર અને કલોલ તાલુકો અગાઉની ત્રણ લ્હેરની જેમ આ વખતે પણ સંવેદનશીલ બની ઉભરી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# બે વર્ષમાં જ ગાંધીનગરમાં અદ્યતન કોર્ટ સંકુલ કાર્યરત થશે

### સેક્ટર-૧૧માં રામકથા મેદાનમાં ૪૧,૦૩૭ ચોરસ મીટર જેટલી વિશાળ જગ્યામાં રૂ.૧૩૬ કરોડના ખર્ચે આ સુવિધાઓથી સજ્જ વાતાનુકૂલિત ૨૮ કોર્ટ રૂમ સાથેનું બિલ્ડિંગ તૈયાર થશે : નવા કોર્ટ બિલ્ડીંગમાં સોલર સિસ્ટમ, વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ, સીસીટીવી કેમેરા અને બેઝમેન્ટમાં વાહન પાર્કિંગની વિશાળ સુવિધા ઉપલબ્ધ કરાશે

ગાંધીનગર

ગાંધીનગરમાં આખરે વાતાનુકૂલિત ૨૮ કોર્ટ રૂમ સાથેની કોર્ટ બિલ્ડીંગ બાંધવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા તેના માટે રૂ.૧૩૬ કરોડના ખર્ચ અંદાજને મંજુરીની સાથો સાથ સેક્ટર-૧૧માં રામકથા મેદાનમાં ૪૧,૦૩૭ ચોરસ મીટર જેટલી વિશાળ જગ્યા પણ ફાળવી દેવામાં આવી છે. પાટનગર યોજના વિભાગ દ્વારા આ યોજનાને સાકાર કરવા માટે તાંત્રિક મંજુરી મેળવવાની દરખાસ્ત પણ કરી દેવાઈ છે.

હાલની કોર્ટ બિલ્ડિંગમાં વાહન પાર્કિંગ માટેની સમસ્યા માથાના દુખાવા સમાન બની ચૂકી છે. ન્યાયાધિશોના વાહન પાર્ક કરવા માટે પણ આ સંકુલમાં પર્યાપ્ત જગ્યા ઉપલબ્ધ નથી. ત્યારે વહીવટી સ્ટાફ, ધારાશાસ્ત્રીઓ અને અસીલોના વાહનોના કોર્ટ બિલ્ડીંગની બહાર થતાં ખડકલાના કારણે માર્ગ પર ટ્રાફિક જામની સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. કોર્ટ બિલ્ડીંગની આજુ બાજુની કચેરીઓના પાર્કિંગમાં પણ વાહનો પાર્ક કરવા લોકોએ જવું પડે છે. જો કે હવે આ તમામ સમસ્યાનો ઉકેલ આવી જશે. રાજ્ય સરકાર દ્વારા આ માટે પુરતી માત્રામાં જમીન ફાળવવામાં આવી છે. તેની સાથે જ અહીં ૮ માળની ઈમારત બાંધવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ આ નવા કોર્ટ બિલ્ડીંગમાં સોલર સિસ્ટમ પણ મુકવામાં આવશે. તે ઉપરાંત વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ પણ લગાડવામાં આવશે. એટલું જ નહિ, આ સંકુલને સીસીટીવી કેમેરા સર્વેલન્સથી આવરી લેવામાં આવશે અને બેઝમેન્ટમાં વાહન પાર્કિંગની વિશાળ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. બેઝમેન્ટ વધતા ગ્રાઉન્ડ ફ્લોર અને ઉપર સાત માળની ઈમારતની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. તેમાં રેકર્ડ રૂમ માટે એક આખો માળ ફાળવવામાં આવનાર છે. આગામી ત્રણ મહિનામાં આ માટે કામ ચાલુ થશે અને બે વર્ષમાં જ આ કામ પૂર્ણ કરી દેવામાં આવશે તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

# ગાંધીનગરમાં આવતીકાલે મહોરમ ઉજવાશે : તાજીયા જુલુસ યોજાશે

### ઈમામ હસન-હુસેનની શહાદત નિમિત્તે તાજીયા જુલુસ યોજાશે : મુસ્લિમ બિરાદરો રોઝા રાખી ઈબાદત કરશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં શાંતિ અને સાદગીભર્યા માહોલમાં મહોરમની ઉજવણી થશે. શહેરમાં મંગળવારે બપોર બાદ તાજીયા જુલુસ યોજાશે. જેમાં મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં જોડાશે.

મોહરમ માસથી ઈસ્લામ ધર્મના નવા વર્ષની શરૂઆત થાય છે પરંતુ આ મહિનો માતમ-શોકનો ગણાય છે. ધર્મની રક્ષા કાજે ઈમામ હસન-હુસેને શહીદી વહોરી હતી. તેમની યાદમાં મહોરમના દિવસે માતમ કરવામાં આવે છે. મહોરમના દિવસે ઠેર ઠેર તાજીયાનુ જુલુસ નીકળે છે. તાજીયાનુ જુલુસ નીકળતા મુસ્લિમ બિરાદરો તેમાં જોડાય છે અને શહીદોને શ્રદ્ધાંજલિ આપે છે. મહોરમના દસ દિવસ સુધી રોઝા (ઉપવાસ) રાખીને ઈબાદત કરવામાં આવે છે.

ગાંધીનગરમાં આ વર્ષે તાજીયાનું જુલુસ યોજાશે જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાશે. ઠેર ઠેર નિયાઝ તકસીમ કરવામાં આવશે. શરબત અને અન્ય ઠંડા પીણાનું વિતરણ કરવામાં આવશે. શહેરના કેટલાક મુખ્ય માર્ગો પરથી તાજીયાનુ જુલુસ નીકળશે. સાંજે ઘ-૫ અને ચ-૫ના વિસ્તારમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો તાજીયાના દર્શન કરશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com